ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાધીનગરના મહેકમની હંગામી જગ્યાઓ તથા આઉટસોર્સની જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૧૭/૨૭૦૫૭૬/અ,
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૫/૨૦૨૨
0 5 MAY 2022

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬/૧૧/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો તા.૧૭/૦૨/૨૦૨૨નો પત્ર કમાંક: પવવિનિ/મકમ/૪૧૯/૨૨.

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૮/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ.

આમુખ:

વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના તા.૨૬/૧૧/૨૦૨૧ના ઠરાવથી ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની કુલ ૦૭ (સાત) હંગામી જગ્યાઓ તથા આઉટસોર્સથી કુલ-૦૮ (આઠ) જગ્યાઓ મળી કુલ ૧૫ જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવામાં આવેલ હતી. સદરૂ જગ્યાઓ તેમજ મેનેજીંગ ડીરેક્ટરની જગ્યા એકાંકી હોય અને કચેરીના વડા તરીકેની હોવાથી અને કચેરી અધિક્ષક (વર્ગ-૩) ની જગ્યા ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ હોવાથી ઉક્ત બન્ને જગ્યાનો સમાવેશ કરી કુલ-૦૯ હંગામી જગ્યાઓ તેમજ આઉટસોર્સની ૦૮ જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા તેમજ વંચાણે લીધેલ ક્રમાંક:(૦૩) પરના તા.૦૯/૦૮/૨૦૨૧ના ઠરાવની રદ કરવામાં આવેલ ક્લાર્ક-કમ-ટાઇપીસ્ટ અને સીનીયર ક્લાર્કની ૦૨ જગ્યાઓને પુન: જીવીત કરવા ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ દ્વારા નિગમ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના તા.૧૭/૦૨/૨૦૨૨ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગરની દરખાસ્ત મુજબ નીચે મુજબની ૦૯ હંગામી જગ્યાઓ તથા આઉટસોર્સની ૦૮ જગ્યાઓ, એમ કુલ-૧૭ જગ્યાઓને નીચેની શરતોને આધિન તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | મંજૂર થયેલ હંગામી જગ્યા | વર્ગ | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મેનેજીંગ ડીરેકટર | ૧ | ૧ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૨ | ૧ |
| ૩ | હિસાબી અધિકારી | ૨ | ૧ |
| ૪ | કચેરી અધિક્ષક | ૩ | ૧ |
| ૫ | ગુજરાતી ટાઇપીસ્ટ | ૩ | ૧ |
| ૬ | ક્લાર્ક કમ ટાઇપીસ્ટ | ૩ | ૧ |
| ૭ | જુનિયર ક્લાર્ક | ૩ | ૧ |
| ૮ | પટાવાળા | ૪ | ૨ |
| | કુલ | | ૦૯ |

| | | | |
|---|---|---|---|
| ક્રમ | આઉટસોર્સથી મંજૂર થયેલ મહેકમ | વર્ગ | સંખ્યા |
| ૧ | ડેટા એન્ટ્રી ઓપરેટર/ કોમ્પ્યુટર ઓપરેટર | ૩ | ૫ |
| ૨ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૩ | ૨ |
| ૩ | ડ્રાઈવર | ૩ | ૧ |
| | | કુલ | ૦૮ |
| કુલ હંગામી તથા આઉટસોર્સની જગ્યાઓ | | | ૧૭ |

શરતો:-

(૧) આ જગ્યાઓ જે હેતુ માટે ઉભી કરેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ માટે ફાળવાયેલ ગ્રાન્ટમાંથી કરવાનું રહેશે તેમજ નિયત થયેલસદરે ઉધારવાનુ રહેશે.

(૩) ખાલી જગ્યાઓ અંગે નાણાં વિભાગની વખતો વખતની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) નિગમની એક વર્ષથી ત્રણ વર્ષના સમયગાળાથી ખાલી એવી જગાઓ નાણાં વિભાગની સ્થાયી સૂચના અનુસાર એબેયન્સમાં મૂકવાની રહેશે, તેમજ આ જગાઓ ભરતાં પહેલાં એબેયન્સમાંથી મુકત કરાવવાની નાણાં વિભાગ/કરકસર પ્રભાગની મંજૂરી લેવાની રહેશે.

(૫) એક વર્ષથી વધુ સમયથી ખાલી જગાઓ એબેયન્સમાં મૂકવાની રહેશે, તે જગાઓ નાણાં વિભાગની મંજૂરી મેળવી મુકત કરાવીને જ ભરવાની રહેશે તથા ૩ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી હોય તેવી જગાઓ રદ કરવાની રહેશે.

(૬) આઉટ્સોર્સથી કામ કરાવવા મંજૂર થયેલ કામગીરી આઉટસોર્સથી કરાવાની રહેશે.

(૭) પટાવાળાની ભરાયેલ જગ્યાઓ નિવૃતિ/રાજીનામું/મૃત્યું જેવા કારણોસર ખાલી પડે તો આ જગ્યાઓ રદ કરવાની રહેશે. તેમજ જરૂર જણાયે સા.વ.વિ.ના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવ અન્વયે આઉટસોર્સથી સેવાઓ મેળવવાની રહેશે.

(૮) આ હંગામી જગ્યાની મુદત પુરી થાય તેના ૪ માસ પહેલા તેને ચાલુ રાખવાની વિગતવાર દરખાસ્ત મોકલવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૯/૦૩/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ. કે. પાઠક )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર-શાખા, (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર. --- વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ.
- શાખા સિલેકટ ફાઇલ.